# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16-09-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રક્તદાન થકી અન્ય લોકોના જીવનદાતા બનવા અનુરોધ કર્યો
2) રાજ્યના તમામ કર્મચારી મહામંડળ દ્વારા 300થી વધુ જગ્યાએ આજે એક દિવસની મહા રક્તદાન શિબિર યોજાઈ.
3) પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ ગત બે વર્ષમાં રાજ્યના એક લાખ 81 હજારથી વધુ કારીગરને તાલીમ અપાઈ
4) ડિજિટલ શાસનને પ્રોત્સાહન આપવા બદલ સુરતની પલસાણા ગ્રામ પંચાયતની રાષ્ટ્રીય ઇ-શાસન પુરસ્કાર માટે પસંદગી
5) પાટણનાં ડિનલ વિઠાણી એ એશિયા કપની ભારતીય મહિલા રાષ્ટ્રીય બાસ્કેટબોલ ટીમમાં સ્થાન મેળવ્યું.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# NAMO KE NAAM RAKTADAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રક્તદાન થકી અન્ય લોકોના જીવનદાતા બનવા અનુરોધ કર્યો. દેશ અને દેશવાસીઓ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સેવા અને સમર્પણના ભાવને ઉજાગર કરવાના હેતુસર આવતીકાલથી સેવા પખવાડિયાની ઉજવણી કરાશે.

અમદાવાદમાં ટાગોર હૉલ ખાતે "ઑપરેશન સિંદૂર "ની સફળતા અને પ્રધાનમંત્રીના જન્મદિવસની ઉજવણી અંતર્ગત રાજ્યના તમામ કર્મચારી મંડળ દ્વારા આયોજિત "નમો કે નામ રક્તદાન" કાર્યક્રમમાં શ્રી પટેલે વધુંમાં જણવ્યું હતુ કે, કેન્દ્ર સરકારે બનાવેલી યોજનાઓના કેન્દ્રમાં હંમેશા આર્થિક રીતે નબળા લોકો , વંચિત અને છેવાડાનો માનવી રહ્યો છે.

(BYTE: CM BHUPENDRA PATEL)

દરમિયાન શ્રી પટેલે આજે રાજ્યભરમાં રક્તદાન શિબિરમાં જોડાયેલા લોકોની કામગીરીને બિરદાવતા તેમણે રક્તદાતાઓને દેવદૂત ગણાવ્યા.

. . . . .

# BLOOD DONATION – WORLD RECORD

રાજ્યમાં એક દિવસમાં એક લાખથી વધુ રક્તદાતાઓએ રક્તદાન કરી વિશ્વ વિક્રમ સર્જાયો છે.

ગાંધીનગર સચિવાલય ખાતે યોજાયેલ રક્તદાન શિબિરમાં ગૃહ રાજ્યમંત્રી અને શિક્ષણમંત્રીએ રક્તદાતાઓને અભિનંદન પાઠવ્યા હતાં.

. . . . . . .

# BLOOD DONATION ALL OVER

રાજ્યના તમામ કર્મચારી મહામંડળ દ્વારા રાજ્યમાં 300થી વધુ જગ્યાએ એક દિવસની મહા રક્તદાન શિબિર યોજાઈ.

તાપીના વ્યારા ખાતે જિલ્લા સંયુક્ત કર્મચારી સંઘ દ્વારા યોજાયેલી મહા રક્તદાન શિબિરમાં શિક્ષકો, મહેસૂલ અને પોલીસ વિભાગના કર્મચારીઓએ રક્તદાન કર્યું.

બનાસકાંઠામાં પાલનપુર , ડીસા, દાંતીવાડા, ધાનેરા, થરાદ, દિયોદર, અને કાંકરેજ ખાતે વિવિધ કર્મચારી મંડળ દ્વારા રક્તદાન શિબિર આયોજન કરાયું. જિલ્લાના BRC કો-ઓર્ડીનેટર અંજુ ચૌધરીએ આ અંગે માહિતી આપી.

(બાઈટ - અંજુ ચૌધરી, BRC કોડીનેટર)

પાટણનાં સંયુક્ત કર્મચારી મોરચા દ્વારા ચાર તાલુકા સ્થળોએ યોજાયેલી રક્તદાન શિબિરમાં 2 હજાર 500થી વધુ રક્તદાતાઓએ નોધણી કરાવી.

નવસારીના ગણદેવીમાં 225 એકમ અને ચીખલીમાં 105 એકમ મળી કુલ 330 એકમ રક્તદાન થયું. વલસાડના અંતરીયા, ધરમપુર અને કપરાડા ખાતે પણ રક્તદાન શિબિર યોજાઇ.

. . . . . .

# PM VISHWAKARMA YOJANA GUJ

પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ ગત બે વર્ષમાં રાજ્યના એક લાખ 81 હજારથી વધુ કારીગરને તાલીમ અપાઈ છે. અત્યાર સુધી પરંપરાગત કારીગરો માટે 390 કરોડ રૂપિયાથી વધુનું ધિરાણ મંજૂર કરાયું છે. જ્યારે 32 હજારથી વધુ કારીગરોને 290 કરોડ રૂપિયાથી વધુના ધિરાણનું વિતરણ કરાયું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

(V/C- JAYESH VEGDA)

(... પરંપરાગત કારીગરોને સક્ષમ બનાવવા અને તેમની કળાને વૈશ્વિક ઓળખ આપવાના ઉદ્દેશથી શરૂ થયેલી પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાથી રાજ્યના કારીગરોની ક્ષમતા, કૌશલ્ય અને આર્થિક પરિસ્થિતિમાં સુધારો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં બે લાખ 14 હજારથી વધુ કારીગરોની ત્રણ સ્તરની ચકાસણીનું કામ પૂર્ણ થઈ ગયું છે. ઉપરાંત, કારીગરોના પ્રશ્નોના ત્વરિત સમાધાન માટે રાજ્ય-એ વિશિષ્ટ હેલ્પડેસ્કની સુવિધા પણ ઉપલબ્ધ કરાવી છે. તેના થકી અત્યાર સુધીમાં કારીગરોની 17 હજાર 500થી વધુ મુશ્કેલીઓ અને મૂંઝવણનો ઉકેલ લવાયો છે.

જયેશ વેગડા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ)

. . . . .

# SURAT PALSANA DIGITAL INDIA

પંચાયતીરાજ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય ઇ-શાસન પુરસ્કાર 2025 માટે સુરતની પલસાણા ગ્રામ પંચાયતની પસંદગી કરવામાં આવી છે. ગ્રામ્યસ્તરે ડિજિટલ શાસનને પ્રોત્સાહન આપવા પહેલી વાર આ પુરસ્કારનું આયોજન થઈ રહ્યું છે. આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં આગામી 22 અને 23 સપ્ટેમ્બરે યોજાનારી 28-મી રાષ્ટ્રીય ઇ-શાસન પરિષદમાં ગુજરાત સિવાય મહારાષ્ટ્ર , ત્રિપુરા અને ઓડિશાની અન્ય પંચાયતોને પણ આ પુરસ્કાર અપાશે.

(V/C- PRAVESH ADIACHA)

(.... પલસાણા ગ્રામ પંચાયતનો આ પ્રયાસ "ડિજિટલ ઇન્ડિયા" તરફ એક સશક્ત પગલું છે. ઇ-ગ્રામ પરિયોજના હેઠળ સરકારની તમામ ડિજિટલ સેવાઓ લોકોને ઘરઆંગણે પહોંચાડાય છે. ડિજિટલ ગુજરાત , ઇ-ઓળખ અને PM કિસાન જેવા પોર્ટલ્સ દ્વારા ગ્રામજનો જન્મ-મૃત્યુ પ્રમાણપત્ર , આવકનો દાખલો, રાશનકાર્ડ, વિધવા અને વૃદ્ધ સહાય , વીજળી પહોંચ, જમીનના રેકોર્ડ અને મનરેગા જોબકાર્ડ જેવી સેવાઓ મેળવી શકે છે. પલસાણાના સરપંચ પ્રવિણ આહિર જણાવે છે , તેમના ગામમાં એક પહેલ તરીકે ગ્રામ પંચાયતની વેબસાઈટ તૈયાર કરવામાં આવી છે. તેની પર લોકો સફાઈ , વીજળી કે પાણી જેવી સમસ્યાઓનો ફોટો અપલોડ કરી શકે છે અને પંચાયત તાત્કાલિક તેનો ઉકેલ લાવવાનો પ્રયાસ કરે છે.

(પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ)

. . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.................

# GST REFORMS TRACTORS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લાની પ્રાચિર પરથી આગામી પેઢીના વસ્તુ અને સેવા કર- GST સુધારાની જાહેરાત કરી હતી. લોકોનું જીવન સરળ બનાવવા માટે ત્રણ સપ્ટેમ્બરે GST પરિષદે અનેક ક્ષેત્રમાં કરના દરમાં ઘટાડાનો નિર્ણય કર્યો છે. કૃષિ ક્ષેત્રે ખાસ કરીને ટ્રૅક્ટર પર GST દરમાં નોંધપાત્ર સુધારા કરાયા છે. આ અંગે અમરેલીના એક ખેડૂતે પ્રતિક્રિયા આપી.

(BYTE: FARMER)

. . . . .

# HEAD OF RNU POSHAN MAAH

અરવલ્લી જિલ્લામાં પોષણ માસની ઉજવણી અંગે જિલ્લા વિકાસ અધિકારી દિપેશ ડેડિયાની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયત કચેરી ખાતે વિવિધ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ.

આ અભિયાનનો મુખ્ય હેતુ કુપોષણ અંગે જાગૃતિ લાવવો , ગર્ભવતી તથા સ્તનપાન કરાવતી માતાઓ , બાળકો, કિશોરીઓ અને કુપોષણગ્રસ્ત લોકોમાં સંતુલિત આહાર તથા પોષણ અંગે માહિતી પહોંચાડવાનો હોવાનું શ્રી ડેડિયાએ જણાવ્યું.

(બાઈટ : દિપેશ કેડિયા, DDO, અરવલ્લી)

ખેડા જિલ્લામા પોષણ ઉત્સવની ઉજવણી અંતર્ગત 'પૌષ્ટિક વાનગી સ્પર્ધા ' યોજાઇ હતી.

જેમાં લાભાર્થીઓ અને આંગણવાડી કાર્યકરો દ્વારા ટેક હોમ રાશન યોજના (THR) પેકેટસ અને મિલેટ્સમાથી વિવિધ પ્રકારની વાનગીઓ બનાવવામાં આવી હતી

. . .

# GUJCOST OUTREACH PROG

ગુજરાત વિજ્ઞાન અને ટૅક્નોલૉજી પરિષદ-ગુજકૉસ્ટ દ્વારા આજે વિશ્વ ઑઝોન દિવસ નિમિત્તે ગાંધીનગરમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો. સરકારી વિજ્ઞાન મહાવિદ્યાલય ખાતે ઑઝોન સ્તરનું ક્ષય , તેના કારણ, અસર અને તેના નિવારણ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુસર યોજાયેલા કાર્યક્રમમાં 200થી વધુ વિદ્યાર્થી અને પ્રાધ્યાપક જોડાયા.

દરમિયાન મહાવિદ્યાલયના વડા ડૉક્ટર ડી. પી. પટેલે લોકોને ઑઝોન દિવસ અને ઑઝોન સ્તર સંરક્ષણનું મહત્વ સમજાવ્યું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ “વિશ્વ ઑઝોન દિવસ – વિજ્ઞાનને વૈશ્વિક ક્રિયામાં રૂપાંતર” વિષય પર પુસ્તકનુ પણ વિમોચન કર્યું.

. . . . .

# ASIA CUP --PATAN STUDENT

પાટણની ડિનલ વિઠાણીની એશિયા કપની ભારતીય મહિલા રાષ્ટ્રીય બાસ્કેટબોલ ટીમમાં સ્થાન મેળવ્યું છે.

ડિનલની પસંદગી FIBA U-16 વિમેન્સ એશિયા કપ 2025 ડિવિઝન બી માટે ભારતીય મહિલા રાષ્ટ્રીય બાસ્કેટબોલ ટીમમાં કરવામાં આવી છે. આ સ્પર્ધા મલેશિયાના સેરેમબાન શહેરમાં 13 થી 19 સપ્ટેમ્બર દરમિયાન યોજાઈ રહી છે , જેમાં ભારતે ગ્રુપ એમાં રહી ઈરાન , સમોઆ અને ઉઝબેકિસ્તાન સામે વિજય મેળવી સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

. . . . . .

# SWASTH NAARI SASHAKT PARIVVAR

રાજ્યમાં આવતીકાલથી "સ્વસ્થ નારી, સશક્ત પરિવાર" અભિયાનનો પ્રારંભ થશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી શરૂ થઇ આગામી બીજી ઑક્ટોબર સુધી યોજાનારા રાજ્યવ્યાપી અભિયાનનો પ્રારંભ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી થશે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગે માહિતી આપતાં કહ્યું , અભિયાન અંતર્ગત રાજ્યમાં અંદાજે કુલ એક લાખ 41 હજારથી વધુ આરોગ્ય શિબિર યોજાશે. તેમાં દસ હજાર 849 વિશેષ શિબિર અને એક લાખ 30 હજારથી વધુ તપાસ શિબિર દ્વારા લોકોને નિ:શુલ્ક આરોગ્ય સેવાનો લાભ અપાશે.

આવતીકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત 600 સ્થળે મહા રક્તદાન શિબિરનું આયોજન કરાયું છે.

. . .